પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૧૦ | ૧૦ ઓક્ટોબર, ૨૦૨૧, રવિવાર; આસો સુદ - ૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# દેશમાં કોલસાની અછતની ઘેરી અસર

## અનેક રાજ્યોમાં વીજકાપ : કોલસાની અછતને પગલે ૮થી ૧૦ કલાક વીજકાપ : ઝારખંડમાં કોલસાની અછતને પગલે ૨૮૫ મેગાવોટથી લઈને ૪૩૦ મેગાવોટ સુધી લોડ શેડિંગ કરવી પડી રહી છે, અનેક રાજ્યોમાં વીજળીનું સંકટ



નવી દિલ્હી,તા.૯

દેશમાં કોલસાની અછતની અસર વીજળીનું ઉત્પાદન કરતા પ્લાન્ટ્સ પર સ્પષ્ટ નજરે પડી રહી છે. કોલસાના સંકટને પગલે હવે અનેક રાજ્યોમાં વીજળીનું સંકટ ઊભું થયું છે. ઝારખંડમાં કોલસાની અછતને પગલે ૨૮૫ મેગાવોટથી લઈને ૪૩૦ મેગાવોટ સુધી લોડ શેડિંગ કરવું પડી રહ્યું છે. આ કારણે ઝારખંડના ગામડાઓમાં હાલ ૮થી ૧૦ કલાક પાવર કાપ ચાલી રહ્યો છે. કોલસાની અછતની અસર બિહાર પર પણ જોવા મળી રહી છે. બિહારમાં પાંચ ગણી વધારે કિંમત ચૂકવવા છતાં વીજળી કંપનીઓ પૂરતી વીજળી નથી આપી શકતી. ઉર્જા વિકાસ નિગમે જણાવ્યું કે, રાજ્યો તરફથી જેટલી માંગ છે તેની સરખામણીમાં ખૂબ ઓછી વીજળી સેન્ટ્રલ પૂલથી મળી રહી છે. વીજળી સંકટની અસર નેશનલ પાવર એક્સચેન્જ પર પણ જોવા મળી રહી છે. આખા ભારતમાં હાલ ૧૦ હજાર મેગાવોટ વીજળીની અછત અનુભવાઈ રહી છે. વીજળીની અછતને પગલે નેશનલ પાવર એક્સેન્જમાં પ્રતિ યૂનિટ વીજળીના દરમાં વધારો જોઈ શકાય છે. સામાન્ય રીતે પાંચ રૂપિયા પ્રતિ

● અનુસંધાન પાન-૭ પર

# અજય મિશ્રાના પુત્ર આશિષ ક્રાઈમ બ્રાન્ચ ઓફિસ પહોંચ્યા

## લખીમપુર મામલે પૂછપરછ ચાલું : સુપ્રીમ કોર્ટ યુપી સરકારના સ્ટેટસ રિપોર્ટથી સંતુષ્ટ નથી આરોપીની ધરપકડ ન કરવા પર નારાજગી વ્યક્ત કરી હતી

નવી દિલ્હી, તા.૯

લખીમપુર ખેરી હિંસા કેસના આરોપી અને કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી અજય મિશ્રાના પુત્ર આશિષ મિશ્રા શનિવારે ક્રાઈમ બ્રાન્ચ ઓફિસ પહોંચ્યા હતા. પોલીસે સવારે ૧૧ વાગ્યે આશિષ મિશ્રાને પૂછપરછ માટે બોલાવ્યા હતા. શુક્રવારે નોટિસ હોવા છતાં આશિષ મિશ્રા પોલીસ સમક્ષ હાજર થયા ન હતા. સુપ્રીમ કોર્ટ લખીમપુર ખેરી હિંસા પર યુપી સરકારના સ્ટેટસ રિપોર્ટથી સંતુષ્ટ નથી. સુપ્રીમ કોર્ટે આરોપીઓની ધરપકડ ન કરવા પર નારાજગી વ્યક્ત કરી હતી. સુપ્રીમ કોર્ટે પૂછ્યું કે હત્યાના કેસમાં પોલીસ આરોપીઓ સાથે અલગ રીતે કેમ વર્તન કરી રહી છે. સુપ્રીમ કોર્ટમાં કેસની આગામી સુનાવણી હવે ૨૦ ઓક્ટોબરે થશે.



આરોપી આશિષ મિશ્રાના નેપાળ ભાગી જવાના સવાલ પર તેના પિતા કેન્દ્રીય ગૃહ રાજ્ય મંત્રી અજય મિશ્રાએ કહ્યું કે આશિષ ક્યાંય ભાગ્યો નથી. નાદુરસ્ત તબિયતને કારણે આશિષ દેખાયો નહીં. નવજોત સિંહ સિદ્ધુએ કહ્યું છે કે તેઓ આરોપી આશિષ મિશ્રાની ધરપકડ સુધી ઉપવાસ કરશે.

નવજોત સિંહ સિદ્ધુ લખીમપુરમાં પત્રકાર રમણ કશ્યપના ઘરે મૌન ઉપવાસ અને ભૂખ હડતાલ પર બેઠા. દુર્ઘટનામાં માર્યા ગયેલા ખેડૂતોના પરિવારજનોને મળવા અકાલી દળના નેતાઓ પણ શુક્રવારે લખીમપુર પહોંચ્યા હતા.

લખીમપુર હિંસા કેસના મુખ્ય આરોપી ગૃહ રાજ્યમંત્રી અજય મિશ્રાના પુત્ર આશિષ મિશ્રાની લુકા-છુપી અનેક પ્રશ્નો ઉભા કરી રહી છે. વિરોધ પક્ષોનું કહેવું છે કે જો તે નિર્દોષ છે, તો પોલીસ સમક્ષ હાજર થાઓ.

આરોપી આશિષ મિશ્રા વકીલો સાથે લખીમપુરમાં ક્રાઈમ બ્રાન્ચ ઓફિસમાં પૂછપરછ માટે પહોંચ્યા છે. થોડા સમયમાં આઈજી આ બાબતે પ્રેસ કોન્ફરન્સ કરશે.

# વાવાઝોડાના પગલે મુંબઈ, થાણેમાં યલો એલર્ટ

## સપ્તાહની શરૂઆતથી જ વરસાદ-વાવાઝોડાની એક્ટિવિટી શરૂ થઈ હતી : હવામાન વિભાગે આગામી પાંચ દિવસ સુધી મહારાષ્ટ્ર, હોવા, કર્ણાટક અને કેરળ તેમજ આંધ્ર પ્રદેશમાં ભારે વરસાદની આગાહી વ્યક્ત કરી

મુંબઈ, તા.૯

હવામાન વિભાગે ગાજવીજ સાથે વરસાદ અને વાવાઝોડાને પગલે મુંબઈ, થાણે અને પાલઘર માટે યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. અને સોમવાર સુધી ભારે પવન સાથે વરસાદ પડવાની પણ આગાહી વ્યકત કરી છે. આ અઠવાડિયાની શરૂઆતથી જ વીજળી અને વરસાદ સાથે વાવાઝોડાની એક્ટિવિટી શરૂ થઈ ગઈ હતી.

શુક્રવારે મુંબઈ શહેરનું તાપમાન ૩૫.૮ ડિગ્રી સુધી પહોંચી ગયું હતું. આ સાથે હવામાનમાં બફારાનું પ્રમાણ પણ વધારે જોવા મળ્યું હતું. આઈએમડીના કોલાબા અને સાંતાક્રુઝ ઓબ્ઝર્વેટરીમાં હ્યુમિડિટી ૮૦ ટકા અને ૭૪ ટકા સુધી નોંધવામાં આવી હતી. દક્ષિણ પશ્ચિમ સહિત સમગ્ર દેશમાં વરસાદની સિઝન પૂરી થવાના આરે છે. પણ અધિકારીઓના જણાવ્યા અનુસાર હજુ પણ ચોમાસાએ વિદાય લીધી નથી. જો કે અગાઉ ૮ ઓક્ટોબરે મુંબઈમાંથી ચોમાસું વિદાય લેશે તેવી સંભાવના હતા.

ઉલ્લેખનીય છે કે, હવામાન વિભાગે આગામી પાંચ દિવસ સુધી મહારાષ્ટ્ર, હોવા, કર્ણાટક અને કેરળ તેમજ આંધ્ર પ્રદેશમાં ભારે વરસાદની આગાહી વ્યક્ત કરી છે. હવામાન વિભાગ અનુસાર આગામી પાંચ દિવસ દરમિયાન ભારેથી હળવો વરસાદ વરસી શકે છે. અને તેનું કારણ એ છે કે, ચક્રવાતી હવાઓનું એક ક્ષેત્ર દક્ષિણ મહારાષ્ટ્ર અને કર્ણાટકના ચટની પાસે પૂર્વ મધ્ય અરબ સાગરના ઉપર બનેલું છે.

## વરૂણ ગાંધી કોંગ્રેસમાં જોડાય તેવા સંકેત

નવી દિલ્હી, તા.૯

ભારતીય જનતા પાર્ટીએ ગત ગુરૂવારે નવી રાષ્ટ્રીય કાર્યકારિણીના સદસ્યોની જાહેરાત કરી હતી જેમાં પાર્ટી કે સરકારની નીતિઓના ટીકાકારોને રજા આપી દેવામાં આવી છે. તેમાં કેટલાક પ્રમુખ નામો છે- વરૂણ ગાંધી, મનેકા ગાંધી, ડો. સુબ્રમણ્યમ સ્વામી, કેન્દ્રીય મંત્રી રાવ ઈન્દ્રજીત સિંહ, પૂર્વ કેન્દ્રીય મંત્રી ચૌધરી બિરેન્દ્ર સિંહ અને વિનય કટિયાર. ભાજપના કહેવા પ્રમાણે નવા લોકોને તક મળી શકે તે માટે કેટલાક જૂના નેતાઓને સામેલ નથી કરવામાં આવ્યા.

પાર્ટી ભલે ગમે તેવી સ્પષ્ટતા કરે પરંતુ એટલું ચોક્કસ છે કે, ભાજપ એક સંદેશો આપવા માગે છે કે, પાર્ટીમાં રહીને જનતા વચ્ચે પાર્ટી કે સરકાર વિરૂદ્ધ બોલવામાં આવે તે નહીં સહન કરવામાં આવે. આ તમામ નેતાઓ છેલ્લા કેટલાક સમયથી પાર્ટી હાઈકમાનથી નારાજ હતા તથા પાર્ટી અને સરકારની સામે બોલી રહ્યા હતા.

આ બધામાં વરૂણ ગાંધીનું નામ સૌથી વધારે ચર્ચામાં છે. ૨૦૧૯માં વરૂણ ગાંધી ભાજપની ટિકિટ પર સતત ત્રીજી વખત સાંસદ તરીકે ચૂંટાયા હતા.

# શ્રીનગરમાં પોલીસ ટીમ પર આતંકવાદી હુમલો : એક આતંકી ઠાર

જમ્મુ,તા.૯

શ્રીનગરમાં પોલીસ ટીમ પર આતંકી હુમલો થયો છે. આ હુમલાનો જડબાતોડ જવાબ આપતા પોલીસ કર્મચારીઓએ એક આતંકવાદીને ઠાર કર્યો છે. માર્યો ગયેલો આતંકી લશ્કરનો હોવાનું જણાવવામાં આવી રહ્યું છે. પોલીસે તેની પાસેથી હથિયારો અને દારૂગોળો જપ્ત કર્યો છે. ત્યારે શ્રીનગરના મેથાન વિસ્તારમાં આતંકવાદીઓ સાથે સુરક્ષા દળોનું એક્કાઉન્ટર થયું છે. મળતી માહિતી મુજબ શ્રીનગરના નાટીપોરામાં આતંકીઓએ પોલીસ ટીમ પર હુમલો કર્યો હતો. તેના જવાબમાં પોલીસે કરેલી કાર્યવાહીમાં લશ્કરનો એક આતંકવાદી માર્યો ગયો હતો. માર્યા ગયેલા આતંકવાદી પાસેથી મેળવેલા ઓળખપત્ર અનુસાર, તેની ઓળખ પ્રતિબંધિત આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબા સાથે જોડાયેલા ટ્રેન્ઝ શોપિયાના આકીબ બશીર કુમાર તરીકે થઈ છે. સુરક્ષા દળોએ સમગ્ર વિસ્તારને ઘેરી લીધો છે અને આતંકીઓની શોધખોળ ચાલુ છે.

# ઓલિમ્પિયન નિરજ ચોપરાનો ભાલો દોઢ કરોડમાં વેચાયો

નવી દિલ્હી, તા.૯

પીએમ મોદીને મળેલી ભેટ સોગાદોની દર વર્ષની જેમ આ વર્ષે પણ ઈ હરાજી કરવામાં આવી હતી. જેમાંથી મળેલી રકમ ગંગા સફાઈ અભિયાનમાં વપરાશે. આ વર્ષની હરાજી પુરી થઈ ગઈ છે અને તેમાં સૌથી વધારે રકમ ટોકિયો ઓલિમ્પિકમાં ગોલ્ડ મેડલ મેળવનાર નિરજ ચોપરાના ભાલા માટે બોલાઈ છે. નિરજ ચોપરાનો ભાલો દોઢ કરોડમાં વેચાયો છે. બીજા ક્રમે ટોકિયો ઓલિમ્પિકમાં તલવારબાજીમાં પહેલી વખત સ્થાન મેળવીને પહેલા રાઉન્ડમાં જીતનાર ભવાની દેવીની તલવાર રહી છે. જેના માટે સવા કરોડ રૂપિયા કિંમત મળી છે. ટોકિયો પેરાલિમ્પકમાં પણ ભાલા ફેંકમાં સુમિત અંતિલે ગોલ્ડ મેડલ મેળવ્યો હતો. તેનો ભાલો ૧.૦૨ કરોડમાં વેચાયો છે. પેરાલિમ્પિકમાં તમામ ખેલાડીઓએ સાઈન કરેલા અંગવસ્ત્ર માટે એક કરોડ રૂપિયા બોલી લાગી છે. મહિલા બોક્સર અને ટોકિયો ઓલિમ્પિકમાં બ્રોન્ઝ વિજેતા લવલીના ગોહેનના ગ્લોવ્ઝ ૯૧ લાખ રૂપિયામાં વેચાયા છે. ટોકિયો ઓલિમ્પિકમાં તમામ ખેલાડીઓના સહીવાળા કાપડના ૯૦ લાખ રૂપિયા ઉપજયા છે.

**દાનની નમ્ર અપીલ**

અંધજનોને ચા-નાસ્તો, ભોજન કરાવવા, અનાજ કરિયાણું દાનમાં આપવા સંસ્થાની વેબસાઈટ પર જઈને દાન કરો અને રસીદ મેળવો.

*દાતાઓને ઈન્કમટેક્ષમાં રાહત મળશે*

www.navjyotandhjanmandal.org

નવજ્યોત અંધજન મંડળ | ખોડિયાર માતાના મંદિર પાસે, પાલડી ગામ,અમદાવાદ-380007 મો. 97268 84422

સંધેજામાં પ્રદૂષણ મુક્ત, હરીયાળીથી શોભતુ શાંતિ અને આનંદનું સ્વર્ગ

॥ દેવશ્રી ॥ 2BHK APARTMENTS

પઝેશન ટૂંક સમયમાં



પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત સબસીડીનો લાભ અલગથી*

Developer Sharda Developers | Architect 9th street architects

Site Address : B/h. Sharda Apartment, Opp. Shreeji Bungalow, Gandhinagar-Mansa Highway, Randheja, Gandhinagar

Contact : +91 98252 51210, 97241 72565

E-mail: devadityagroup@gmail.com • Website : www.gujrera.gujarat.gov.in

Rera Reg. No.: PR/GJ/GANDHINAGAR/GANDHINAGAR/Others/RAA06067/210919

Sajneecom/DEV/01-21

કાલથી શરૂ થતી બેચમાં જોડાઈ... કડકડાટ અંગ્રેજી બોલતાં શીખો.

નાણાવટી The Leader Since 1996

ઘ-૨ નજીક, સે.૭બી, ગાંધીનગર. ● ફોન : ૯૬૨૪૦૧૦૫૫૫

ઓફિસ સમય : સવારે ૮ થી ૧, સાંજે ૪ થી ૮

ડેમો માટે અમારી YouTube Channelની મુલાકાત લો.

ketannanavatigandhinagar

ખુલ્લું પનીર નહીં, શુદ્ધ અમૂલ મલાઈ પનીર અપનાવો.

• શુદ્ધ અમૂલ દૂધથી બનેલું
• મુલાયમ અને સ્વાદિષ્ટ
• આધુનિક ટેક્નિકથી બનેલું




ફ્લેટ વેચવાનો છે

સે.૧૪, બ્લોક નં. ૧૭/૧૯૪, MIG, 1BHK, ગ્રાઉન્ડ ફ્લોર, રીનોવેશન કરેલ, ગેસ લાઈન સાથે. ૩૨ લાખ ફીક્સ

શૈલેષભાઈ મહેતા મો. ૯૭૧૪૧ ૯૮૩૬૬

મારૂતિ સોફા

વોશીંગ & રીનોવેશન

સોફા રીપેરીંગ સ્પેશ્યાલીસ્ટ

ફ્રી હોમ સર્વિસ | ગેરન્ટી સાથે

9924244216, 9924244276

મોકાસણવાળા